ઇશ્વરની સજા આપવાની રીત સામાન્ય માણસને સમજાતી નથી... ધનપતિઓને તે વ્યથા પણ અઢળક આપે છે
- રમણ મહર્ષિ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૩૧ | ૪ નવેમ્બર, ૨૦૧૪, મંગળવાર ; કારતક સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં ૮૮૭૩ નવા મતદારો નોંધાયા

## છેલ્લા છ માસમાં નોંધાયેલા નવા મતદારોમાં નામ દાખલ કરવા માટે યુવા મતદારોમાં ભારે ઉત્સાહ : ૧૯ વર્ષથી વધુ આયુ ધરાવતી મહિલાઓ પણ અગ્રેસર

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લામાં લોકસભાની ચૂંટણી સંપન્ન થયાના છ માસના ટુંકા ગાળામાં જ ૮૮૭૩ નવા મતદારો નોંધાયા છે.

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ૧૫ ઓકટોબરથી હાથ ધરાયેલ મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં આજ સુધીમાં આટલા નવા મતદારો નોંધાયા છે. નવા નોંધાયેલા ૮૮૭૩ મતદારો પૈકી ૪૮૪૫ મતદારોની આયુ માત્ર ૧૮ થી ૧૯ વર્ષની જ છે. આમ યુવા મતદારો તેમના લોકશાહીના અમૂલ્ય હક્ક માટે વધુ ઉત્સાહિત જણાયા છે.

ગાંધીનગર જિલ્લામાં પાંચ વિધાનસભા મતવિસ્તારો છે. જેમાં સૌથી વધુ નોંધનીય બાબત એ બની છે કે ૧૯ વર્ષથી વધુ આય ધરાવતા મતદારોની નોંધણીમાં મહિલા મતદારોએ વધુ જાગૃતિ દર્શાવી છે. દહેગામ, ગાંધીનગર (ઉ), માણસા અને કલોલમાં મહિલાઓએ વધુ જાગૃતિ દાખવી છે.

મતદાર નોંધણી માટેની બે ખાસ ઝુંબેશ ચૂંટણી પંચ દ્વારા આ અભિયાન દરમિયાન યોજાઈ હતી. જો કે આ ચૂંટણીમાં ગાંધીનગર (દ)માંથી મળેલા નબળા પ્રતિસાદથી તંત્રમાં ચર્ચા પ્રસરેલી જોવા મળી રહી છે.

મળતી વિગતો પ્રમાણે ૧૮ થી ૧૯ વર્ષની આયુ ધરાવતા મતદારો જે ૪૮૪૫ નોંધાયા છે તેમાં ૩૧૪૫ યુવક ને ૧૭૦૦ યુવતીઓ છે જયારે ૧૯ વર્ષથી વધુ આયુ ધરાવતા જે મતદારો નોંધાયા છે તેમાં ૧૮૭૭ પુરુષ અને

● અનુસંધાન પાન-૭ પર

### પંકજ જોશી નિરીક્ષક તરીકે નિમાયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલ મતદાર યાદી સુધારણા ઝુંબેશ માટે ચૂંટણી પંચે સિનીયર સનદી અધિકારી શ્રી પંકજ જોશીની નિમણુંક નિરીક્ષક તરીકે કરી છે.

૧૯૮૯ ની બેચના સનદી અધિકારી શ્રી પંકજ જોશી હાલ રાજ્યના વિકાસ કમિશનર તરીકે ફરજો બજાવી રહ્યા છે. તેઓ આગામી સપ્તાહે જિલ્લાની મુલાકાતે આવશે તેમ મનાઈ રહ્યું છે.

તેઓ જિલ્લાના તેમના પ્રવાસ દરમ્યાન મતદાર સહાયતા કેન્દ્રની મુલાકાત ઉપરાંત જિલ્લામાં ચાલતી ઝુંબેશ અંગેની સમીક્ષા જિલ્લાના અધિકારીઓ સાથે કરશે.





(તસવીર : કશ્યપ નિમાવત)

તુલસી વિવાહ - ભારતીય સંસ્કૃતિમાં તુલસી અને વિષ્ણુના વિવાહના પુણ્ય સ્મરણનો દિવસ એટલે કારતક સુદ અગિયારસ... સોમવારની વહેલી સવારથી મંદિરો અને કેટલાક ભાવિકોના નિવાસસ્થાનોમાં ઢોલ ઢબૂક્યા હતા... ભગવાનનો લગ્નોત્સવ ઉજવવા ભાવિકોનો ઉત્સાહ સમાતો નહોતો... ભગવાન વિષ્ણુ જાન લઈને તુલસીના માંડવે લગ્ન કરવા જાય એવા ભાવપૂર્ણ દશ્યો આપણી સંસ્કૃતિના અમર વારસા સ્વરૂપ છે... ગાંધીનગરના સેક્ટર-૬ના ભાવિકોના નિવાસસ્થાને યોજાયેલ તુલસી વિવાહના ભાવપૂર્ણ પ્રસંગની તસવીરી ઝલક....

# વાયબ્રન્ટ સમિટમાં અમેરિકા પાર્ટનર દેશ બનશે

## ૧૧મીથી ૧૩મી જાન્યુઆરી દરમિયાન આયોજન : મુખ્યમંત્રીને અમેરિકી રાજદૂતે પત્ર પાઠવી ભાગીદાર રાષ્ટ્ર બનવાના આમંત્રણની સ્વીકૃતિ આપી : જોરદાર તૈયારીઓ

ગાંધીનગર, તા.૩

આગામી સાતમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેટર્સ સમિટ-૨૦૧૫માં યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકા ગુજરાત સાથે પાર્ટનર કન્ટ્રી બનશે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલને ભારત સ્થિત અમેરિકી રાજદૂત કેથલિની સ્ટિફન્સે પત્ર પાઠવીને વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં સભાગીતા માટેના તેમના આમંત્રણને સ્વીકૃતિ આપી છે. રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રી નિતીન પટેલ અને નાણામંત્રી સૌરભ પટેલે આગામી ૧૧થી ૧૩ જાન્યુઆરી ૨૦૧૫ દરમિયાન યોજાનારી વીજીજીઆઈએસ-૨૦૧૫માં યુએસએમાં પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાવાની આ સહમતિની વિશદ ભૂમિકા આપી હતી. પ્રવકતા મંત્રીઓએ જણાવ્યું કે, યુએસએ દ્વારા વાયબ્રન્ટ ગુજરાત ટ્રેડ શોમાં અમેરિકાનું એક બૂથ ઉભું કરવાની તેમજ કન્ટ્રી સેમિનાર યોજવાની તત્પરતા વ્યક્ત કરી છે અને ભારત-અમેરિકા વચ્ચે પરસ્પર વેપાર વણજની તકો, પ્રવાસન તેમજ શૈક્ષણિક વ બાબતોને શો કેશ કરવાની નેમ દર્શાવી છે. તેમણે ઉમેર્યું કે, મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સાથે ગત તા. ૨૦મી ઓગસ્ટે સુશ્રી કેથલિની સ્ટિફન્સની ગાંધીનગરમાં યોજાયેલી મુલાકાત બેઠકની સફળ ફલશ્રુતિએ અમેરિકાએ વીજીજીઆઈએસ-૨૦૧૫માં પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાવાનો નિર્મય કર્યો છે. આરોગ્ય મંત્રી અને નાણામંત્રીએ જણાવ્યું કે, આગામી વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫માં હાલ ઓસ્ટ્રેલિયા, કેનેડા, જાપાન, નેધરલેન્ડ, સિંગાપોર, સાઉથ આફ્રિકા અને યુનાઈટેડ કિંગ્ડમ જેવા રાષ્ટ્રોએ પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાવા સહમતિ દર્શાવી છે અને હવે યુએસએ જેવી મહાસત્તા પણ પાર્ટનર કન્ટ્રી બનતાં કુલ ૮ રાષ્ટ્રો ગુજરાત સાથે વીજીજીઆઈએસ-૨૦૧૫માં સહભાગી થશે.

ધી યુએસ ઈન્ડિયા બિઝનેસ કાઉન્સીલે (યુએસબીઆઈસી) પણ વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫માં ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ તેમજ વરિષ્ઠ સીઈઓ ભાગ લેવા આવે તેવું આયોજન કર્યુ છે તેની વિગતો આપતાં નીતિન પટેલ અને સૌરભ પટેલે ઉમેર્યુ કે યુએસબીઆઈસીના એકિંટગ પ્રસિડેન્ટ ડીએના ફેરેલ પણ વાયબ્રન્ટ સમિટમાં તેમની સાજીદારી યુએસબીઆઈસી સહયોગી કંપનીઓ માટે ગુજરાતમાં આંતરમાળખાકીય ક્ષેત્રથી પ્રવાસન, શિક્ષણ અને મનોરંજનના બહુવિધ ક્ષેત્રોમાં ઉજ્જવળ તકો પુરી પાડશે.



(તસવીર : કશ્યપ નિમાવત)

શિંગોડા - શિયાળાનું સસ્તુ અને પૌષ્ટિક ફળ એટલે શિંગોડા... મધ્યમ વર્ગીય સમાજને પણ સહજતાથી પોષાય એવું શિંગોડાનું ફળ છે... સ્વાદમાં ગળચટ્ટું, પૌષ્ટિક અને ગમી જાય એવું નાનકડું શિંગોડાનું ફળ શિયાળામાં ઠેર ઠેર જોવા મળે છે... હરતા-ફરતા આ ફળની મજા માણી શકાય એટલે યુવાનોમાં આ ફળ એટલું જ લોકપ્રિય છે...

# ગાંધીનગરમાં ટ્રાફિક સિગ્નલ-સીસી ટીવી કેમેરાથી ચાંપતી નજર રાખવા કાર્યયોજના

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા તેમજ ટ્રાફિક નિયમનને અસરકારક બનાવવા માટે શહેરના લગભગ તમામ વિસ્તારોમાં સી.સી. ટી.વી. કેમેરા અને ટ્રાફિક સિગ્નલ મુકવામાં આવશે.

મળતી વિગતો મુજબ જિલ્લાતંત્ર દ્વારા આ અંગેની કવાયતો હાથ ધરવામાં આવી છે તેમજ ગૃહ વિભાગ અને જિલ્લા તંત્ર સંયુક્ત રીતે આ અંગેની આખીય કાર્યયોજના તૈયાર કરી રહેલ છે. જેને એકાદ માસમાં આખરી ઓપ આપી દેવામાં આવશે.

શહેરમાં રોજબરોજ વધતા જતા અકસ્માતના બનાવો તંત્રની ચિંતાનો મુદો બની ઉભર્યા છે. તો બીજી તરફ આગામી જાન્યુઆરી માસમાં શહેરમાં બે મહત્વની રાષ્ટ્રીય જ નહિ આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ યોજાવાની છે. આ બધી સ્થિતિમાં સ્થાનિક પોલીસની કામગીરીમાં પૂરક બની રહે તેવી ચુસ્ત વ્યવસ્થા સાથેની કાર્યયોજના તૈયાર કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરમાં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી તેમજ વાયબ્રન્ટ સમીટ-૨૦૧૫ ની તૈયારીઓ તંત્રએ અત્યારથી જ આરંભી દીધી છે. ગાંધીનગર શહેરમાં કયા કયા સ્થાનો પર સી.સી. ટી.વી. કેમેરા અને ટ્રાફિક સિગ્નલ મુકવા તે માટે જિલ્લા પોલીસ દ્વારા વિગતવાર અહેવાલ તૈયાર કરી દેવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેરમાં આમેય હાલ કેટલાક સ્થાનો પર સી.સી. ટી.વી. કેમેરા મુકવામાં આવ્યા છે, પરંતુ તે ઓછા પડે છે તેમજ તેની જે ક્ષમતા છે તેના કરતાં વધુ ક્ષમતા ધરાવતા કેમેરા મુકવાનું આયોજન વિચારાયું હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ બાબતને લઈ બે થી ત્રણ જેટલી બેઠકો યોજાઈ ચુકી છે અને આ માસાન્તે આખીય કાર્યયોજનાને આખરી ઓપ આપી દેવામાં આવશે. જેથી ડિસેમ્બરના અંત સુધીમાં કામગીરી સંપન્ન થઈ શકે.

ગાંધીનગર શહેરમાં હાલ ટ્રાફિક નિયમન માટે જે ફોર્સ છે તે આગામી ઈવેન્ટો દરમ્યાન ઓછો પડે તેવી સંભાવનાઓ છે ત્યારે ટ્રાફિક સિગ્નલ પણ મહત્વના સ્થળો પર મુકવામાં આવશે.

### ભાજપના ધારાસભ્યોની નવમીએ ખાસ બેઠક

ગાંધીનગર, તા. ૩

ભાજપના ધારાસભ્યોની બેઠક આગામી નવમીના રોજ મળનારી છે. જેમાં વિધાનસભા સત્રમાં કોંગ્રેસની રણનીતિને ખાળવા માટેની વળતી રણનીતિ ઘડી કાઢવામાં આવશે.

પ્રાપ્ત વિગતો મુજબ આગામી નવમીના રોજ મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં ભાજપના ધારાસભ્યોની એક બેઠક મળનારી છે.

બેસણું



રબારી હાથીભાઈ વાલાભાઈ (જોટાણા)
સ્વ. તા. ૦૩-૧૧-૨૦૧૪ સોમવાર
(કારતક સુદ અગિયારસ)
પૂર્વ ચેરમેન - બાઈવાડા સેવા સહકારી મંડળી લી.,

અમારા પૂજ્ય પિતાશ્રી સ્વ. હાથીભાઈ વાલાભાઈ રબારી (જોટાણા) નું તા. ૩-૧૧-૨૦૧૪ ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૫-૧૧-૨૦૧૪ ને બુધવારના રોજ સવારે ૧૦-૦૦ થી સાંજે ૪-૦૦ કલાક સુધી અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળ : જોટાણા વાસ, બાઈવાડા, તા. ડીસા, જિ. બનાસકાંઠા.
નોંધ : લૌકિક ક્રિયા સમાજના રિત રિવાજ મુજબ રાખેલ છે.

લિ.
કરશનભાઈ હાથીભાઈ રબારી
ડીરેક્ટર - ડીસા તાલુકા સંઘ
પૂર્વ સરપંચ - બાઈવાડા ગ્રામપંચાયત
ચેરમેન - બાઈવાડા સેવા સહકારી મંડળી લી.,
બાબુભાઈ હાથીભાઈ રબારી
ચેરમેન - ગણેશપુરા સેવા સહકારી મંડળી લી.,
નરસિંહભાઈ હાથીભાઈ રબારી
રેલ્વે પોલીસ
અમરતભાઈ હાથીભાઈ રબારી
કચ્છ પોલીસ
તથા સમસ્ત જોટાણા પરિવાર, બાઈવાડા, તા. ડીસા

ફર્મ : હોટલ ક્રિષ્ણા કાઠિયાવાડી, ડીસા

# શાળા આરોગ્ય કાર્યક્રમ ૧૩મીથી આરંભાશે

## દોઢ કરોડ બાળકોના આરોગ્ય માટે તપાસના કાર્યક્રમને મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા ખુલ્લો મુકાશે : ગાંધીનગર ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૩

ગતિશીલ ગુજરાતના સ્વપ્નદૃષ્ટા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના સબળ માર્ગદર્શન હેળઠ પ્રતિવર્ષની જેમ ચાલુ વર્ષે પણ શાળા આરોગ્ય કાર્યક્રમનો ૧૩મી નવેમ્બરથી પ્રારંભ થશે. જેમાં રાજયના ૧.૫૬ કરોડથી વધુ બાળકોના આરોગ્યની તપાસ કરવામાં આવશે તેમ આરોગ્ય મંત્રી નિતીન પટેલે જણાવ્યું છે.

આજે ગાંધીનગર ખાતે શાળા આરોગ્ય કાર્યક્રમ ૨૦૧૪ના આયોજન માટે સ્ટીયરીંગ કમિટીની બેઠક સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરા, વન પર્યાવરણ અને આદિજાતિ મંત્રી ગણપત વસાવા અને રાજ્ય આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં મળી હતી.

મંત્રી નિતીન પટેલે બેઠકને સંબોધતા કહ્યું કે, દરેક માવતર માટે બાળક અને તેનું આરોગ્ય અને સુખદ ભાવિ મહામુલૂ હોય તે સ્વાભાવિક છે માતા-પિતાની બાળક પ્રત્યેની આ આશા તથા અપેક્ષા સાથે રાજ્ય સરકાર સંકળાયેલી છે ત્યારે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ શાળા આરોગ્ય કાર્યક્રમ ૫૦ દિવસ રાજ્યભરમાં ચાલશે. જેને મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ૧૩મી નવેમ્બરે ખુલ્લો મુકશે. તેમણે ઉમેર્યુ કે, આ વખતના કાર્યક્રમમાં શાળા આરોગ્ય સપ્તાહની ઉજવણીનો નવતર અભિગમ અપનાવાયો છે. જેમાં દાદા-દાદી અને વાલીઓની મીટીંગ દ્વારા વધુ લોક જાગૃતિ કેળવાય તેવા પ્રયાસો કરાશે. સમગ્ર સપ્તાહ દરમિયાન બાળકોના આરોગ્યની તપાસણી, તંદુરસ્ત બાળ હરિફાઈ, પૌષ્ટિક વાનગી પ્રદર્શન અને સ્વચ્છતા અભિયાનને જોડવામાં આવશે. તેમણે શિક્ષણ, આરોગ્ય અને મહિલા બાળ વિકાસ વિભાગની કામગીરીને સંકલિત કરી આ કાર્યક્રમને વધુ સફળ બનાવવા પર ભાર મુકતા કહ્યું કે, આ કાર્યક્રમ હેઠળ સુપર સ્પેશ્યાલીટી સારવાર માટે લોકોને દૂરસુદૂરથી અમદાવાદ આવવું પડે છે તે માટે રાજ્ય સરકાર હકારાત્મક અભિગમ દાખવીને સ્થાનિક કક્ષાએ જ સરકારી હોસ્પિટલો કે ખાનગી સંસ્થાઓ જે સેવા કરવા માટે તત્પર છે તેમનો વ્યાપક સહયોગ લેશે. જેનાથી સારવાર માટેના વેઈટીંગ લીસ્ટમાં ઘડાડો થશે.

બેગ ખોવાયેલ છે

ચ-૫થી ઘ-૫ રસ્તા ઉપર બેગ પડી ગયેલ છે. પાછી આપનારને યોગ્ય વળતર મળશે.

સંપર્ક કરો
૭૮૦૨૦ ૧૩૩૧૪

વેચવાની છે

રાંધેજા સાર્વજનિક હોસ્પિટલની એમ્બ્યુલન્સ વાન ડિઝલ ચાલુ કન્ડીશનમાં વેચવાની છે. તો મળો તા. ૧૨/૧૧/૨૦૧૪ના રોજ સવારે ૧૦ કલાકે

સ્થળ : રાંધેજા સાર્વજનિક હોસ્પિટલ
મુ. રાંધેજા, તા.જી. ગાંધીનગર

હરાજીની શરતો સ્થળ ઉપર જણાવવામાં આવશે. હરાજી મંજુર કરવી કે નહી તે અંગેનો અધિકાર સંસ્થાનો અબાધિત રહેશે.